ખરીદ કરો ! ખરીદ કરો !! ખરીદ કરો !!!

મહારાજા કરણસિંહ ને કમળા દેવી નાટકનાં ગાયનો

(ગુજરાતનો છેલ્લો રજપુત રાજા.)

સર્વે સોખીલા સજ્જનોને માટે

બનાવનાર

ડાહ્યાભાઈ વિ. પરસોતમદાસ જાની

છપાવી પ્રસિદ્ધ કરનાર

વાડીલાલ વિ. જગન્નાથ આચારજ.

આવૃતી ૧ લી. પ્રત ૧૦૦૦ હજાર.

વીરમગામ

"સરસ્વતી પ્રકાસ પ્રિન્ટિંગ પ્રેસ"માં છાપી.

સંવત ૧૯૪૮ — સને ૧૮૯૨.

કીંમત ત્રણ આના.

વિજ્ઞાપના.

પ્રીય વાંચનારાઓ? આપુસ્તક અમે અમારી અલ્પમતિ પ્રમાણે ઘણીજ ટુંકમુદતમાં છપાવી પ્રસિદ્ધ કર્યુ છે. માટે ભુલચુક દ્રષ્ટીગત થાય તો કૃપા કરી સુધારી લેસો.

વીરમગામ } લી.
ડાહ્યાભાઇ વિ પરસોતમ દાસ જાની.
તથા વાડીલાલ વિ જગનનાથ આચારજ

અર્પણ પત્રીકા.

રા. રા. જુગલદાસ રામભાઇ. આપ અમારા ઘણાજ સ્નેહી તથા સર્વ આર્યબંધુઓનું હિત્ત ઇચ્છનાર તેમજ ગાયનમાં શોખી જાણી આ લઘુપુસ્તક અર્પણ કરૂં છું તે સ્વીકારી લેસો.

મુ. વીરમગામ.
ઠે. વ્યાસ ફળી. } લી.
ડાહ્યાભાઇ વિ. પરસોતમ દાસ જાની.
તથા વાડીલાલ વિ જગન્નાથ આચારજ

મંગળાચરણ.

(રાગ ધનાશ્રી.)   (અંતરલાપીકા.)

કરજો કૃપા અતિસાર, દયાળુ દાતા, કરજો કૃપા અતિસાર.
રજા રે લઇને ગ્રંથ કરૂં હું થાજો પ્રસન મોરાર. ટેક.
તારા શશીને સુર્ય સરીતા; વાયુ વારી રચનાર. દયાળુ. ૧
ડાકોર વાસીતું દીન દયાળું; કેવાયો જગમાં સાર. દયાળુ. ૨
યાદી કરીએ પ્રથમ તારી; લાવી ઊમંગ અપાર. દયાળુ. ૩
ભામીની સંગે લીલા તે વનમાં લક્ષ્મીપતિ કરી સાર. દયાળુ. ૪
ઇંદ્ર ઇન્દ્રાદીક પાર ન પામે, ગરૂડ પતિરે લગાર. દયાળુ. ૫
પરાક્રમી જે કર્ણુંતાયેલો, કેવાયો જગમા જે સાર. દયાળુ. ૬
રમણ્ય ખેલ તેનો ભજવવા, રાધાપતિ ચાહુ સાર. દયાળુ. ૭
સોહામણું રે તારૂં સ્વરૂપ દિસે, પાળક જુગદાધાર. દયાળુ. ૮
તત્પર થઇને વારે તું ચડજે, લાવી દયા દીલ સાર. દયાળુ. ૯
[વળી]મચ્છાવતારે શંખને માર્યો, થઇ ઉગ્ર રૂપેસાર. દયાળુ.૧૦

મહારાજા કરણસિંહ ને કમળાદેવી નાટકનાં

ગાયનો.

સર્વેપાત્રો. (છે જન પાલક ટાળક દુઃખનો એ રાહ.)

શ્રી-રમાપતિ કરૂણા સાગર, સકળ સૃષ્ટીના હે કર્ત્તા. ટેક.
વિશ્વપતિ હે દીન દયાળ, દીન સેવકની લેજો બાળ. (૨)
માફી કરીએ તુજ હમેશ, ગુણ તુજમાંહે છેજ વિશેષ;
પાર ન પામે ધરાધર લેશ, સકળ વિશ્વના દુઃખ હર્તા. શ્રી.
લાવી હર્ષે કરૂ જાચના, આપછો સમરથ કૃપાધના. (૨)
લઇએ પ્રથમ તારીમદદ, સાહ્ય થઇ કામકરજો સદ્ય.
નમીનમીને કહીએ અબ, સકલ વિશ્વના હે ભર્તા. શ્રી.

પ્રવેશ ૧ લો.

સ્થળ.—કર્ણરાજાની કચેરી.

(આઇ એમ વેરી ગુડ બંગાલી બાબુ.) એ રાહ.

કર્ણરાજા—પ્રધાન પ્યારા કરો નિવેદનઃ રાજ્ય તણું તમે આધાર.
શુણવા દિલછે આતુર મારૂં, સત્ય કહું છું હું આધાર. ૧
હુનર કળા કેવી ચાલે છે, મમ રાજ્ય માંહે નીરધાર;
ન્યાય નિતિ ચાલે છે કેવી, કરો નિવેદન મારી પાસ. ૨

(અલેફસેં તું યાદ કર) એ રાહ.

માધવ—છે સત્ય વાત માહરી હે ભુપ શીર મણી,

ન્યાય શાસ્ત્રમાં નિપુણું આપ છો ધણી.
વિદ્વાન માન આપ રાજ્યથી મળે અતિ,
આપના પ્રતાપથી સદા પ્રજા સુખી.

(કેટલુંક ભાષણ થયા પછી,)

ગીતી.

કરણુરાજા-હે પ્રધાન મમ પ્યારા, કરો ચઢાઈ કચ્છ માંહી આજ;
અશ્વ અનોપમ લેઇને, આવો હર્ષથી તમે અહીં આજ.
માધવ-- હુકમ શીર ઉઠાવું, જઈ કચ્છમાં લાવું અશ્વ આંહી;
નચ્ચિંત થઇરહો આજે, લાવું અશ્વને દિવસ ત્રણ માંહી.

(જાય છે)

પ્રવેશ ૨ જો.

સ્થળ--રાજમેહલ.

રાગ (લાવણી દક્ષણી ચાલની.)

કમળાદેવી--એ'ની સાંભળો, પ્રાણપતિ ન આવ્યા રે;
ચરર ચિત્ત, થાય ખચિત્ત, તોડીને પ્રીત,
કરી અનિત, હજુ સુધિએ નાવ્યા રે. ૧
દાસી—ધીરજ તો ધરો, ઉરના વિષે રાણી રે;
પ્રીતમ પ્રાણ, આવશે જાણ, ખરે પ્રમાંણ,
દુઃખ નિવાર્ણ, શોક મુકોને શાણી રે ૨

(રાજા પ્રવેશ કરીને)

રાગ આશાગોડી.

કરણરાજા—

કમળ મુખી તુંને જોઈ ખુશી થાઉં, કમળ મુખી તુને જોઇ.
વારીને જોઇ મીંનજ આવે, તેમ તને હું જોઇ.– ખુશી થાઉં.
તુજરે વિના તો ભામની મારે, અવરન પ્યારૂં કોઇ.–ખુશી થાઉં.
મુજને ગમે નહીં સભા વિશેતો, તુજવિણ ઘડીએ સોઈ.–ખુશી થાઉં.

(ત્યારબાદ કર્ણરાજા માધવની સ્ત્રી રૂપાળી હોવાથી તેના પર મોહીત થવાથી માધવના મેહેલે જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ--માધવનો મેહેલ

રાગ સીયાનો કનરો.

કરણુરાજા—હે હરિણાક્ષી જોઇ રૂપ તાહારૂં,
લીન થયું છે મન અતિ માહારૂં. ટેક.
જોબન તારૂં ઝક ઝોળ જોઈ
તુજપર આજે રહ્યો છું હું મોહી. હે—૧
મુજ પ્રીયાથી શ્રેષ્ટતું સાચે,
માધવની પ્રીત છોડ જો આજે. હે—૨
દીન દ્વીજપુત્ર ઘટે નહીં યાર,
ગુર્જર પતિ સમ થશે ભરથાર. હે—૩

લાવણી દરદી દીવાના એ રાગ.

રૂપસુંદરી—હે ગુર્જરપતિ (૨) આ વદો શું અઘટીત વેણ;
સાહસ કામ કરો નહીં, હું કાહાવું તમારી બેન.

હજુ નેત્રનીર (૨) નથી ચઢ્યા મોઝારે ભ્રાત,
તુચ્છ તરૂ ફળ નથી થયાં, કરો વિચાર ઉર સંગાથ.
હજુ સિંહ ઘાસ (૨) નથી ખાવા ગયો મુજ વીર,
સાહસ કામ કરી તમે, શીદ કાપો છો મુજ શીર.

(બળાત્કાર કરી બાઝવા જાય છે ત્યારે રૂપસુંદરી કર્ણને દૂર ખસેડી નીચે પ્રમાણે કહે છે.)

(જુઓ જુઓ વીપ્રે બીડી હામ) એ રાગ.

રૂપસુંદરી—શુણો ગુર્જરપતિ ભુપાળ, પતિવ્રત હું નહીં તજુંરે;
કદી અવની જાયે રસાતાળ— પતિવ્રત૦
કેમ સુજી છે વાત વિનાસ— પતિવ્રત.૦
સતી નારની નવરાખો આશ— પતિવ્રત૦
મુર્ખ જાત્રા બેઠું છે તારૂં રાજ— પતિવ્રત૦
તેથી સુજે છે આવું તને કાજ— પતિવ્રત૦
શીદ કરો છો દેહ ખુવાર-- પતિવ્રત૦
માનો ગુર્જરપતિ સરકાર— પતિવ્રત૦

(ત્યારબાદ રૂપસુંદરીને બળાત્કારે પોતાના મેહેલમાં લેઇ જાય છે તેવામાં માધવનો ભાઇ કેશવ આવે છે તે નિચે પ્રમાણે કહેછે.)

(દેખી તેરી વફાદારી) એ રાગ.

કેસવ—માનો ભુપતિ આંહી મારૂં, નહીં જારમાં થાએ સારૂં;
કેવું સાચું માનો આવાર, એમાં નહીં સાર, પ્રીય સરકાર,
કે'વું માહા-આ-આ-આ-આ--રૂં.—માનો. નહીં

(કેશવનું કહેવું નહીં માનવાથી બંનેને લડાઇ થાય છે, તેવામાં કેશવ મરણ પામે છે. ને કર્ણ રૂપસુંદરીનેલઇ મેહેલે આવેછે.

પ્રવેશ ૪ થો.

સ્થળ–કેશવનો મેહેલ.

(રાગ શીતાજીના મહીનાનો.)

ગુણસુંદરી—શીર છત્ર અરે સ્વામીનાથ આજે તો ક્યાં ગયા,
મને મુકી એકલડી આંય, કહો સુખી ક્યાં થયા.
વળી આપી રંડાપો આજ, કંથ ક્યાં ચાલીયા,
મારાં કંકણુ તોડી આજ, કહો ક્યાં માલીયા.
વળી મેલી રઝળતી રાન, પતિ પ્યારા આ સમે;
જરા લાવો દયા ઉરમાંય, હે પ્રાણુ પતિ તમે.

(તુન કુમલા જીયરવા હો પીતા મોરા એ રાહ.)

દાસી – તમે ધીરજ ધારો (૨) હે મમ બાઈ તમે ધીરજ ધારો.
ધીરજ ધારી ઉરમાં ભારી, રટો શંભુ છોગાળો. (૧) હે.
નામ લેતાં સંકટ વાંમે, સુખ સદા કરનારો.— (૨) હે.

(ગુણુસુંદરી સતી થાય છે તે વખતે અગ્નીદેવની પ્રાર્થના કરેછે.)

(દયાળુ દેવ કૃપાળુ તું એરાહ)

ગુણસુંદરી-અગ્નીદેવા નમું છું તુને, આપો આશરો હવે આ મુને.
ધરી વીનતી આ દાસી તણી, વ્હારે આવજો હે શીરમણી
બળુ છું હાય હવે હુંતો, શરણુ રાખજે પ્રભુ તું તો.
(તેવામાં માધવ આવે છે ને રાજાને નીચે પ્રમાણે કહે છે.)

(સુરજકુળ શોભિત નરવીર મહિપતિ) એ રાગ.

માધવ—ધીઃક છે મહીપ આજ, માત તાહરીને;

લેવું તું શું રાજ ભ્રાત મારો મારી ને. ટેક.
કરજ્જે હવેથી તમે આ ભુમિ માંહી રાજ,
સહન આતો કેમ થશે ભ્રાત કેરી દાઝ.
પ્રણામ છે હવે તને આ છેવટના પ્રમાણ,
પ્રણામ તારા દેશને આ ભુમિને પ્રણામ.
કારી.——ધારી.——મારી અહંકારી.
ઘાત તારી કરૂં સારી લેજે ધારી ને. ધીઃક.

(રજા લઇને જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—આરાસુરમાં અંબીકાનું દેવાલય.

(રાગ ધનાશ્રી.)

માધવ—સરણે આવ્યો તારી, આરાસુરીમા સરણે આવ્યો તારી.
કૃપા કરીને સંકટ કાપો, આપો સુખ ભારી. ટેક.
કેરજ કરીઓ ગુર્જરપતિએ, શું કહુ વિસ્તારી. આરાસુરી.
હું દીન નાગર બ્રાહ્મણ કહાવું, સાહ્ય કરો મારી. આરાસુરી.

(ગીતી.)

અંબીકા—અહો પુત્ર મમ પ્યારા, જાઓ અહીંથી દિલ્લપતિ પાસે;
બીડ તમારી જોછે, સર્વે બળીને આશ પુરી થાશે.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—દિલ્લીની કચેરી

લાવણી.

માધવ—લીજે જીનાબ સલામ હમેરી, સનમુખ પાસે આયખડા;
કયા કરૂં બર્નન ગુર્જર દેશકા, સબ રાજાસેં એહી બડા.
ધન દોલત સબ ગુર્જર દેશમેં, નહીં તેરે દેશમેં કાંઇ;
શુરે શુરાતન વાલે સબહે, કયા કરૂં તારીફ હું આંહી
કરો ચઢાઇ ગુર્જર તખ્તપેં, એહી ઇરાદા હૈ મેરા;
ગુર્જર રાજકું છીના લીયો, અબ કામ હોયગા સબ તેરા.

(ગુજરાતનું વખાણ સાંભળી અલ્લાઉદીન અલીફખાંનને તથા વડા વજીર નસરતખાંન પ્રત્યે કહે છે.)

(કાળી ઘટા કોયલ બીચ કાળી એ રાગ)

અલ્લાઉદ્દીન-તમે શુરા સુભટ આહીં આવો, વેરી હણવાને ધાઓ;
કરમાં કાતી સુભ લાવો, જંગ જીતી સુખીયા થાઓ.
શુરા સરદાર થઈ તૈયાર, તમે અહીં આવો. વેરી.

(રાગ ઇન્ગ્લીસ વાજામાં ગવાતી ઢબ.)

નસરતખાંન—શુરા શુરવીર આજ, હર્ષથી કરોને કાજ;
લેઇ સૈન્ય આપ સાજ, અમર કરો નામ આજ.
ગેડી મારો ગનનનન, તેગ મારો તનનનન;
તાણી મારો તનમાં તે, વાગે ખાંડુ ખનનનન. શુરા. ૧

તેગ ધારી વેરી મારી, આવો હુંસે આપ આજ;
શણી હુંશ થાઓ કુચ, કરો અચળ આપરાજ. શુરા. ૨

પ્રવેશ ૭ મો.

સ્થળ—પાટણની કચેરી.

(રાગ કેરબો.)

કોટવાળ—શુણો ગુર્જરપતિ ભુપાળ વાત એક મારી રે,
વાત એક મારી રે, વાત એક મારી રે. ટેક.
પુર્વ દિસાથી સૈન્યજ આવે, દિસે છે બળવાન;
પક્ષી મારે આગ લગાવે, કરે અતિ ઘમસાંણ. શુણો.
તોપ કવચર ભાલા બરછી, લેઇને ઉંઠો સાર;
શું રાજાજી સાંભળી બેઠા, થાઓને તૈયાર. શુણો.
ગામો ગામ જલાવી નાંખ્યાં કે'તાં નાવે પાર;
રંગે રાતા ને મદમાતા, કરે અતિ પોકાર. શુણો.

(રાગ કંગનવા મોરા કરસે નીકસ ગયોરે.)

કરણરાજા—હે પ્રધાન પ્યારા આજે, લગાડો ન વાર રે.
(તમે)ક્ષત્રી સિંહ બચ્ચા રે, નહિ યુદ્ધ વિશે કચ્ચા રે,
હસ્ત ગ્રહી હથીયાર, મલેચ્છોને મારો ઠાર;
કરો બંધુક તૈયાર, તમે શુરા સહી રે. હે. ૧
રણુસ્થંભ રોપો રે, લઇ બંદુક તોપો રે;
દયા કરો સૌ દુર, નવ ખોસો ક્ષત્રીનુર;

આવો અંગ માંહે શુર, હીંમત હારો નહીં રે. હે ૨
શુરા થાઓને તૈયાર રે, હું આવું છું આ વાર રે
અંતઃહપુરમા જઇને, પ્રીયા મારીને કહીને;
નહીં બેશારહું ત્યાં જઇને, આવું હું તો સહીરે. હે. ૩

પ્રવેશ ૮ મો

સ્થળ—રાજમેહેલ.

(પિયુને તજાવનાર વેરી અલંકાર એ રાગ)

કમળાદેવી—ભયભીત કેમ દીસો, પ્રાણના પતિ;
સુણવા આતુર મારૂં મન છે અતિ. ટેક.
કહીને વૃતાંત સ્વામી સુખ આપશો,
એજ છે વિનતી કે'વા હર્ષ લાવશો. ભયભીત.
મુખ ચંદ્રનું રે તેજ ક્યાં ઉડી ગયું,
જોઇને ભરાઈ આવે સ્વામીજી હેયું. ભયભીત.

(બનેલી વાત કહે છે.)

(ખુસ રહો શનમજા મેરા બીધાતા બેલી એ રાગ.)

કરણરાજા—તું સાંભળ પ્યારી નાર વાત એક મારી,
દ્યો રજા ઝટ આવાર પ્રાણથી પ્યારી.
હું હણી શત્રુને સાર જીત કરી આવું,
છોડું કરથી સર સાર પ્યારી શીશ લાવું.
કેમ કરે સહન આ કર્ણસિંહજી બંકો,
પ્યારી જીત કરી આવાર વગાડું ડંકો.

(રાગ સોરઠ)

કમળાદેવી—

પીયુ અર્જ શુણી સંગ લેશોરે, મમનાથ ના નહીં કેશો.
કોમળ કાયા કંથ તમારી, તે કેમ ધા આગમશોરે. મમનાથ.
વાલમજી જો અળગી કરીતો, પ્રાણ હમાના લેશોરે. મમનાથ.
છેવટના છે પ્રણામ મારા, પ્રીયા આપની સંગ લેશોરે. મમનાથ.

(રાગ દીંડી)

રણુરાજા—સાને સોચ કરે પ્રાણ પ્રીયા મારી.
લખી વાતતો ભવીસ્યમાં થનારી.
ધરો સૂખ મૂકો દુઃખને વીશારી. શાને. ૧.
રણેના જઉંતો લાજે માત તાત.
કલંક કેમ લેશે સુધ્ય ક્ષત્રી જાત.
ભલે થાય કદી દેહ તણી ઘાત. શાને ૨.

(છેવટે)

(ગીતી)

રણુરાજા—

આશીશ આપો જલ્દી, ખોટી થઇને ઉભો રહ્યો આહી.
જુવે વાટ ત્યાં મારી, શુરા માહારથી રણ ભોમી માહી.

(રજા લઇ જાયછે)

પ્રવેશ ૯ મો

સ્થળ—રણભોમી.

રણરાજા— ગીતી.

અહે અલીફ સુણ આજે, નહીં જાવાદઉં તને અહે હું તો;
માર મારૂં અતિ આજે, યાદ રાખજે કૃત્ય તારાં તું તો.

(જુઓ જુઓ વિપ્રે ભીડી હામ.) એ રાહ.

અલીફખાંન-શુણ ગુર્જર તખ્ત ધરનાર, અલીફખાંન કેમ છોડેરે;
તુજ હિંદુ તણા શા ભાર, અલી૦
વેણ કેતાં ન પડી કાંઈ ગમ, અલી૦
તુજ નારને કરૂં હું બેગમ. અલી૦
તુને કલ્માં પઢાવું હું આજ, અલી૦
શોંપું મશીદ કેરૂં કામ-કાજ. અલી૦
ધરી હિમ્મત બાંધો હથીયાર, અલી૦
લેઈ સૈન્ય તું થાને તૈયાર. અલી૦

સદર૦ (ક્રોધથી.)

રણરાજા-અહે અલીફખાંન સુલતાન, ક્ષત્રી કુળ શું નાશ પામ્યુંરે.
શાને કરે છે આવડું ગુમાન ક્ષત્રી૦
તુજ તુર્ક તણા શા ભાર ક્ષત્રી૦
તોડી નાંખુ નાડે નાડ આવાર. ક્ષત્રી૦
હજુ લવ કુશ ને અમરીક, ક્ષત્રી૦
હજુ ભીમ પારથ બાલ્હીક. ક્ષત્રી૦

હજુ કર્ણ શલ્ય શત્રુધ્નન, ક્ષત્રી૦
હજુ લગ્ક્ષણને અભેમુન. ક્ષત્રી૦
હજુ પ્રથીરાજ રણધીર, ક્ષત્રી૦
તેની અમ્મર જાણો તસ્વીર. ક્ષત્રી૦

(લડાઈ કરતાં કરણરાજા ઘાયલ થાય છે ત્યારે હરપાળ નામનો શેનાપતી તેને ગુપ્તરીતે અરણ્યમાં લઈ જાય છે ને મુસલમાન નગર તરફ વળે છે.)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ--રાજમેહેલ.

(રાગ ઝીંઝોટીનો દાદરો.)

કમળાદેવી—દુઃખ અપાર દુઃખ અપાર દુઃખ અપાર રે,
દાશી આજ સ્વામી વિણ, દુઃખ અપાર રે. ટેક.
હજુ સુધિએ લાલ માગે નાગ્યો સાર રે. દુઃખ. ૧
(હવે)સ્વેનવસ્ત્ર લાવ્ય દાશી ધરૂં હું સાર રે. દુઃખ. ૨

[રાગ ભેરવી ગજલ.]

દાશી—ધરી ધીરજ આ સમે, રહોને બાઇ તો તમે.
લખીત વાતતો થશે, ઉદાશ થાઓ નાં તમે. ધરી.
ખરાબ થાય કામ આ, રૂદન કરેથી આપણું.
હવે વિલાપ આ સમે, કરો ન બાઇતો તમે. ધરી.

(અંબિકાની પ્રાર્થના કરેછે.)

કમળાદેવી- (રાગ કલ્યાણની ગજલ.)

અંબે કાળીપાળુ નમન કરૂં છું, શુણો એક વિનતી અમારીરે. ટેક.
પ્રાણજીવન મમ યુદ્ધે ગયા છે, રક્ષા કરો નિશદિન ભારીરે. ૧
તુંહી ભવતારણ દુઃખ નિવારણ, નમું સદા આનંદકારી રે. ૨
મલેચ્છ પતિનો વધ તું કરજે, એવી આશા ધરૂં માતું મારી રે ૩
પ્રાણપતિની વહારે તું ચડજે, અર્જ કરૂં તને સત્ત વારી રે. ૪

(મુસલમાનો નગ્રમાં આવ્યાની ખબર પડવાથી કમળાદેવી પોતાની બે દીકરીઓ દેવળદેવી તથા કનકાદેવીને પોતાના પીયરમાં મોકલે છે ને પોતે મેહેલમાં આગલગાડી જંગલમાં નાશી જાયછે. ને મુસલમાનો કમળાદેવીની નગ્રમાં તપાસ કરે છે પણ નહીં જડવાથી અલીફખાંન દશવીશ સ્વારો શોધવા મોકલે છે.)

પ્રવેશ ૧૧ મો.

સ્થળ--અરણ્ય.

(ધરાપર સયન કરતાં ઇશ્વર પ્રાર્થના કરે છે.)

(અમપર અમીનારી આરત શું અથાગ આજો એ રાગ.)

કમળાદેવી—વીશ્વંભર વિલાસી વિશ્વ તણા ધણીજો,
નમન કરૂં કાંઇ નટવર નરસીંહ નાથજો;
વ્હાર કરો વિઠલવરનીજ વનિતા તણીજો;
બાકી નથી કાંઈ કમળા–કર કીરતારજો. વિશ્વંભર. ટે
જો. જન સુતા સેજ બિછાની મેહેલમાંજો,

તે જન અજોટે છે અવની માંહ્યજો.

(નગી) ગુજરાતી ગાદીપર ગુજરો ગાજતાજો,
કરતા જ્યાં ત્યાં મોજશોખ આણંદજો. વિશ્વંભર ૨
તેજન અરણ્ય વિશે આવીને આથડેજો,
કારણ કેવળ કર્યા કથે વ્યભીચારજો.
(હવે) સાહાય કરો ગ્રીધર ગ્રીજી દાસી ગણીજો,
નહીંતો જાશે પ્રાણ અમારા આંહીજો. વિશ્વંભર. ૬

(કમળા દેવી સુતેલી છે તેવામાં લુટારા આવી નિચે પ્રમાણે કહે છે.

(રાગ નાનકશાઇનો)

લુટારા—તું સાંભળને હે નાર, તેરાં વસ્ત્ર સબી ઉતાર;
તેરાં વસ્ત્ર સબી ઉતાર, નહીંતો થઇશ ખરે ખુવાર.
હમતો લુટી લેતે માલ, કરતે શ્રીમંતકુ બેહાલ;
તેરાં વસ્ત્ર સબી ઉતાર, નહીંતો થઇશ ખરે ખુવાર.

કમળાદેવી— ગીતી.

ધર્મા તણા હે બન્ધુ, અલગ રહીને વાત કરો આંહી;
(પણ)અટકથઇ નવ અડશો, આપું ખુશી થઇ વસ્ત્રઆંહી.

(લુટારા વસ્ત્રાલંકારો લુટી જાય છે તેવામાં અલીફખાંનનાં સ્વારો સોધવા નીકળેલા તે ભેગા થાયછે ને કમળા દેવીને બળાત્કારે દિલ્લિમાં લેઇ જાય છે ને અલાઉદ્દીનની માનીતી બેગમ કરે છે.

પ્રવેશ ૧૨ મો

સ્થળ—જંગલ.

(રાગ ભેરવી ગજલ.)

કરણુરાજા—ક્યાંથી આવ્યો આ સ્થળે, હે રાધિકાપતિ;
મેહેલ મારો ક્યાં ગયો, ને ક્યાં પ્રીયા ગઈ. ક્યાંથી. ૧
નગ્ર સૈન્ય ક્યાં ગયું ને, સચીવ ક્યાં ગયો;
શૃંગાર મારો ક્યાં ગયો ને, આવી ક્યાં રહ્યો. ક્યાંથી. ૨

(હરપાળ ધીરજ આપે છે.)

(પોતાના સુખનો ચિતાર યાદ આવ્યાથી નીચે પ્રમાણે વિલાપ કરેછે.)

(રાગ દશા આ શી થઇ મારી.)

કરણુરાજા—કરોને સાહાય પ્રભુ મારી, થયો અંગે દુખી ભારી.
કિરિટ ધરતો અવનવાં કરતો ભોગ વિલાસ,
સુતો સેજ બીછાવીને તે કરૂં કંટકમાં વાસ.
દિધું ત દુઃખ મને ભારી કરો ને સાહાય પ્રભુમારી.
અશ્વ અનોપમ ખેલતો ફરતો શેહેર બજાર,
પુષ્પ સુગંધી સુંઘતો તે ફરૂં હું વન મોજાર,
ફળે નહીં કોઈ કૃતી તારી, કરોને સાહાય પ્રભુમારી.

(વિલાપ કરી રહ્યાપછી રસ્તે પડેછે તેવામાં કમળાદેવીએ પોતાના ચાકર સાથે બે પુત્રીઓ મોકલેલી તે ભેગી થાયછે ત્યારે કરણુરાજા બે પુત્રીઓને લેઈ દેવગીરીમાં આવે છે.)

પ્રવેશ ૧૩ મો.

સ્થળ—દેવગીરીની કચેરી.

(રામદેવ તથા તેના બે પુત્ર સંકળદેવ, ભીમદેવ વિગેરે સભાસદો.)

(રાગ કેરબો.)

રામદેવ—હે પ્રધાન પ્યારા આજ વાત કહો સાચી રે;
કહો સાચીરે વાત કહો સાચી રે. ટેક.
પ્રજા મારી ચાલે કેવી, કહી બતાવો આંય;
ન્યાય નિતિ ચાલે છે કેવી, આપણા પુરમાંય. હે. ૧
દર વર્ષે ઉપજ કેવી છે, રાજ્ય તણીતો સાર;
કરો નિવેદન મારી પાસે , પ્યારા હે દિલદાર. હે. ૨

પ્રધાન— ગીતી.

રામ રાજ્ય સરીખું, મહીપતિ ચાલે રાજ્ય ઉર જાણો;
અદલ ન્યાય નિતીથી, સુખ સહે છે પ્રજા તો પરમાણો.

(કરણરાજાને આવતો જોઇ.)

રામદેવ—અહો મીત્ર મમપ્યારા, કેમ પધાર્યા આપ અત્રે આંહી;
સુખ મુદ્રાનો ચેહેરો, કેમ દિસે છે તેજહિણ બાહી.

(રાગ--મુજ ઉપર ગુજરી.)

કરણરાજા—શુણો રામદેવ ભુપાળ વિનંતી મારી,
કહુ દુઃખ તણું વૃતાંત તુનેવિસ્તારી.
મને સુજ્યું સાહસ કામ દિલની માંહી,

મ. કયા હુકમ એકવાર સચીવન ત્યાહા.
મેં કહ્યું સચીવને ત્યાંય કચ્છમાં જાઓ,
લાવી અશ્વ અનોપમ આંહ્ય સુખીયા થાઓ.
હું ગયો સચીવને મેહેલ ભુપતિ જ્યારે,
મને વ્યાપ્યો અતિશે કામ ભુપતિ ત્યારે.
મેં ઝાલ્યો જઇને હાથ નારનો ત્યાંહી,
મને દીધો ક્રોધે શ્રાપ ઘડીએક માંહી.
મેં ગ્રહ્યા કેશ કરમાંહ્ય નારના જ્યારે,
એકાએક આવ્યો ભાઈ સચીવનો ત્યારે.
તે થયો સામો મુજસાથ શસ્ત્રોને સાધી,
મને ચઢ્યો ક્રોધ અપાર મારીયો ત્યાંહી.
ત્યાંથી લઇચાલ્યો નાર મેહેલની માંહે,
લઈ અશ્વ અનોપમ સચીવ આવીયો ત્યાંહે.
શુણી વાત નગ્રની માંહ્ય વિતેલી જ્યારે,
રજા લઈ ચાલ્યો સાર મારગે ત્યારે.
તે ગયો શાહની પાસ ઉરમાં જાણો,
કરી ગુર્જર કેરી બડાઇ ખરે પરમાણો.
તે ચઢી આવ્યો સુલતાન મુંજપર સાહી,
હું થયો સામો તે સાથ ફાવીયું નાંહી.
લઈ લીધું મારૂં રાજ ઉરમાં જાણો,
તેથી દુઃખી દિલદાર ખરે પરમાણો.

(પછી કરણુરાજાને ગુપ્તરીતે બાંગલાણુમાં રાખે છે.)

પ્રવેશ ૧૪ મો.

સ્થળ—દિલ્લીની કચેરી.

(રામદેવ પાંચ વરસની ખંડણી નહીં આપવાથી અલ્લાઉદ્દીન અલીફ્ખાનને ખંડણી લેવા મોકલે છે તે વાત કમળાદેવીને માલમ પડવાથી અલીફ્ખાંન પ્રત્યે કહે છે.)

કમળાદેવી— ગીતી.

અહો અલીફ્ખાં આજે, તમે જાઓછો બાંગલાણ માંહી;
એવી વાત મેં આજે, શુણી તેથી આવી સઘ આંહી.
દેવળદેવીને ત્યાંથી, તેડી લાવજો સઘ તમે પ્યારા,
કરજો કાજ એ મારૂં, અહો અલીફ્ખાં નયન કાચ મારા.

રાગ બનજારો.

નસરતખાંન (સૈન્ય પ્રત્યે.)—

શુરવીર કરો તૈયારી, લઇ હાથ વિષે તલવારી એ ટેક.
સુરવીર માતના જાયા, તમે નેકી વિવેકી ડાહ્યા;
તમ કિર્તી થશે ચળકારી, લઇ હાથ વિષે તલવારી. સુરવીર
તમે જશ અતિશે લીધા, તમે દેશ સકવે કીધા;
દીસો તમે સફળઅવતારી, લઇ હાથ વિષે તલવારી. સુરવીર

(અલીફ્ખાંન દેવળદેવીને લેવા સારૂ બાંગલાણુ ઉપર ચઢીઆવે છે તેવામાં હરપાળને ખબર પડ્યાથી કરણને કહેવા આવેછે.)

પ્રવેશ ૧૫ મો.

સ્થળ—બાંગલાણુમાં કરણનો ગુપ્ત વાસ.

(કામણ દિશેછે અલબેલા તારી આંખમાં રે એ રાગ.)

હરપાળ—શુણજો ગુર્જરપતિ ભુપાળ, વિનતી માહરી રે. ટેક.
લશ્કર લઇને અલીફ્ખ આવે, દેજો માન શસ્ત્રોથી ભાવે;
દિલ્લી પાછો ફરી ન જાવે અહીં થકી રે. શુણજો. ૧
મેમાનોની ખબર લેજો, સુવા-બિછાનું કબર દેજો;
સાવચેતથી આપણુ રેજો અહીં સહી રે. શુણજો. ૨
પુર્વજોનાં સુર સંભાળી, આમા થાજો શસ્ત્રો સાહી;
વિનતી આજે દાસતણી શ્રવણે શુણીરે. શુણજો. ૩
(તમે)ગુર્જર ભુમિમાં રાજા છેલ્લા, વળી સુરા ક્ષત્રી વાઘેલા;
મેવાડપતિસમ આપ ગણેલા મહિપતીરે. શુણજો. ૪

[કરણરાજા રામદેવ ઉપર પત્ર મોકલે છે ને તે પત્ર કચેરીમાં વંચાય છે ત્યારે રામદેવના બે પુત્રો સકળદેવ તથા ભીમદેવ જવાની રજા માગેછે ત્યારે રામદેવની સ્ત્રી સંકળદેવ પ્રત્યે કહેછે.]

(અચ્છા મેરીજાન અંગના છુટે એ રાગ.)

ચંદ્રકેશરી—વિર મુકો વેર, શત્રુથી આજે;
સુત્ર છોટી ઉમ્મર જોઈ દીલ દાઝે. શત્રુથી. ૧

સંકળદેવ—છોટી ઉમ્મર પણ સીંહનું બચ્ચું;
એમાં શંકા તું નવ ધારે. શત્રુથી. ૨

ચંદ્રકેશી—દ્રષ્ટ થકી નથી દુર મેં કાંધો,
કહ્યું માનોને મમ આજે. શત્રુથી. ૩

(પછી રજા લઈ સંકળદેવ, ભીમદેવ સૈન્ય લઈ બાંગલાણમાં આવે છે)

પ્રવેશ ૧૬ મો.

સ્થળ—બાંગલાણનું પાદર.

અલીફખાંન દેવળદેવીની માગણી કરે છે ત્યારે કરણ નિચ નમાણે કહે છે.)

[બાંધ કિલ્લો બાપુ છે શું કામ એ રાગ.]

કરણરાજા—

મેલો મેલો અમારૂં નામ આમા થાશે ન સારૂં રે. આમાં. મેલો.
ક્ષત્રી પુત્રે નહીં શાંખી રહેવાના, માનો કહેલું આઠામ. આમાં. મેલો.
સર્પને છેડે માલ ન નીકળે, જાશે ખચિતે તુજપ્રાણ. આમાં. મેલો.
ક્ષત્રી થઇ કેમ તુર્કને બેટી, દેશે વિચારો આઠામ. આમાં. મેલો.

[જુઓ જુઓ વિપ્રે બીડી હામ એ રાહ]

અલીફખાંન—

શણ ગુજરપતિ ભુપાળ, ખંજર ખેંચી સામો થાનેરે.

નહીંતો પુત્રી આપીને લાગો પાય. ખંજર.
વળી લડવાની હોય ઉર હામ. ખંજર.
તો પણ ના નથી મારે આ ઠામ. ખંજર.
શું સિયાળથી સિંહ હડી જાય. ખંજર.
ભલે આવે તારી પક્ષે સૌ રાય. ખંજર.
પણ મેરૂ પાસે જેમ તર્ણ. ખંજર.
તેમ તું છે મારે મન કર્ણ. ખંજર.

(કર્ણરાજાના સૈન્યમાંથી એક વાઘેલો રજપુત બોલે છે.)

(રાગ હંમ બરા સીપાઇકે લરકે)

(વાઘેલો રજપુત અલીફખાન પ્રત્યે કહે છે.)

હમ શુરા ક્ષત્રી કે લડકે.

તુજને મારૂં સુખ વધારૂં તોડું હાડે હાડ.
ક્રોધકરી તલવાર ઉછાળું તોડું નાડેનાડ, ભલા હંમ. ૧
ધનુષધારી લાજ વધારી જાસુ પાછા ઘેર.
તેગ તડાકા કરી ભડાકા કરશું લીલા લેર. ભલા હંમ ૨

લડાઇ થતાં કર્ણ મર્ણ પામે છે. ને દેવળદેવીને અલીફખાંન લઇ જાય છે. ત્યારે રામદેવના પુત્રો નમી પડે છે.

(સર્વ પાત્રો મળીને.)

(રાગ ધનાશ્રી.)

સુણો નિરમળ મન જન સહુ, સુણો નીરમળ મન.
સાહસ કરીયું ગુર્જરપતિએ, તો થયો હર્ષનો ભંગ—જન.
ભુલ ચુકની દર ગુજારી, આપો ઉ-તેજન— જન.
સૌસૌના સ્થાને પધારો, સભા તણા સજ્જન— જન.

સમાપ્ત.

જાહેર ખબર.

સર્વે આર્યબંધુઓને નમ્રતા પુર્વક વિનંતી કરવામાં આવે છે કે આ લઘુ પુસ્તક જેઓને રાખવાની આકંક્ષા હોય તેમણે રોકડી કીંમત મોકલી મંગાવી લેવું. નાટપેડ પત્ર લેવામાં આવશે નહીં, ટપાલ ખર્ચ જુદુ.

આ પુસ્તક નીચે બતાવેલા ઠેકાણેથી મળશે.

વીરમગામ—ગ્રંથ કરતા પાસેથી તથા ભટ. હરીશંકર નાગરદાસ પાસેથી તથા બુકસેલર ગીરજાશંકર લલ્લુભાઇ પાસેથી તથા બુકસેલર ગેબીલાલ દામોદરદાસ દેશાઇ પાસેથી રોકડી કીંમતે મળશે.

ઝીંઝા——આચારજ ચકુલાલ મગનલાલ પાસેથી રોકડી કીંમતે મળશે.

આ બુક સામટી રાખનારને સેંકડે વીશ ટકા કમીશન આપવામાં આવશે. તેમજ પચીશ નકલ સામટી રાખનારને ત્રણ નકલ કમીશન આપવામાં આવશે ને દશ નકલ સામટી રાખનારને એક નકલ ભેટ આપવામાં આવશે.

મુ. વીરમગામ.
હે. વ્યાસ ફળી.

લી.
ડાહ્યાભાઇ વિ પરસોતમદાસ જાની તથા
વાડીલાલ વિ. જગન્નાથ આચારજ.